મોડાસામાં મુસ્લિમ બિરાદરોએ મહોરમની ભાવપૂર્વક ઉજવણી

# તાજીયા જુલુસ નીકળતા લોકો ઉમટ્યા, મંત્રી ભીખુસિંહ પરમારના તાજીયા દર્શન

મોડાસા, તા. ૨૯

મોડાસા શહેરમાં શનિવારે તાજીયાનું મોડાસા નગરમાં કસ્બા સમાજના બિરાદરો દ્વારા જુલુસ નીકાળી શહેરના માર્ગો પર ફેરવવામાં આવ્યું હતું તાજીયા જુલૂસમાં માનવ મહેરામણ ઉમટ્યું હતું અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમાર,પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મોડાસા નગર પાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર,કોર્પોરેટરો અને રથયાત્રા સમિતિ દ્વારા ઘોરીઓના ચોકમાં તાજીયા કમિટીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવતા કોમી એખલાસના દ્રશ્યો સર્જાયા હતા જીલ્લા પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો મોહરમ પર્વમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહેતેમાટે જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસઅધિક્ષક કે.જે.ચૌધરી દ્વારા પેટ્રોલિંગ હાથધરાયું હતું. મોહરમના દસ દિવસ એટલે યૌમે આશુરાના દિવસ હજરત મોહંમદ પયગંબર સાહેબના નવાસા હજરત હુસેન સાહેબ સચ્ચાઈ અને ન્યાય સામેની લડાઈમાં શહીદ થયા હતા જેને મુસ્લિમ સમાજ દ્વારા દસ દિવસ સુધી માતમ મનાવવા સાથે રોજ મરાશિયા ગાવામાં આવે છે દસમા દિવસે રોજ રાખી ઈબાદત કરવામાં આવેછે મોહરમના દસમા દિવસે મોડાસા નગરમાં પરંપરાગત રીતે તાજીયા જુલુસ નીકાળવામાં આવ્યું હતું કસ્બા જમાત દ્વારા કાઢવામાં આવતા તાજીયા જુલૂસમાં "યા હુસેન" ના ગગનભેદી નારા સાથે મોટી સંખ્યામાં મોડાસા શહેર સહીત જીલ્લાના મુસ્લિમ બિરાદરો જોડાયા હતા તાજીયા જુલૂસમાં અખાડા ના કરતબ નિહાળી લોકો અભિભૂત બન્યા હતા



# બાયડ તાલુકાના ધારેશ્વર મહાદેવનો પ્રવાસન ધામમાં સમાવેશ કરવાની માંગ

## શિવ મહાપુરાણ કથામાં પણ ભાવિકોની લાગણી દેખાઈ

બાયડ, તા.૨૯

બાયડ તાલુકાના વાત્રક નદીના કિનારે આવેલા સ્વયંભૂ ધારેશ્વર મહાદેવનો પ્રવાસન ધામમાં સમાવેશ કરવાની માંગ ફરી જોવા મળી. અત્યારે અધિક શ્રાવણ માસ હોવાથી શિવ મહાપુરાણ કથા ચાલી રહી છે ત્યારે ઉપસ્થિત ભાવિકોએ પણ પ્રવાસન ધામમાં સમાવેશ માટેની પોતાની લાગણી વ્યક્ત કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અનેક દંતકથાઓથી પ્રચલિત તાલુકાના વાંટડાના સ્વયંભૂ ધારેશ્વર મહાદેવ મંદિરમાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં દર્શનાર્થે આવી રહ્યા છે અને જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લામાં મહિમા વધતાં સરકાર દ્વારા ધારેશ્વર મહાદેવનો પ્રવાસન ધામમાં સમાવેશ કરવાની રજૂઆત જિલ્લા વહીવટી તંત્ર તેમજ સ્થાનિક કક્ષાએ થયેલી છે. ત્યારે બાયડ તાલુકાના રડોદરા ગામના વલ્લભદાસ એમ. પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય રવિ પટેલ, સ્થાનિક અગ્રણી ચંદ્રીકાબેન શાહ વગેરેએ ધારેશ્વર ધામને પ્રવાસન ધામમાં સમાવવા સરકાર સમક્ષ પણ લેખિત માંગણી મોકલી આપી છે. અત્યારે શિવ મહાપુરાણ કથા ચાલતી હોવાથી પંથકના અસંખ્ય ભક્તો તેનું રસપાન કરી રહ્યા છે.



# બાયડમાં મંદિરો આગળ ગંદકી, મચ્છરોનો ઉપદ્રવ દેખાયો : પાલિકાને દવા છંટકાવનો સમય નથી

બાયડ, તા.૨૯

બાયડમાં જૂના બસ સ્ટેશન વિસ્તારમાં વરસાદી પાણી અવરોધાયા પછી ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ જોવા મળ્યો. પાલિકા દ્વારા દવા છંટકાવમાં પણ વ્હાલા દવાલાની નીતિનો આરોપ લાગી રહ્યો છે. સત્વરે ગંદકી દૂર નહીં થાય તો આ વિસ્તારમાં ડેન્ગ્યુ સહિત મચ્છરજન્ય રોગચાળો વકરે તેવી દહેશત વ્યક્ત થઈ રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ચોમાસા દરમ્યાન બાયડ પાલિકાના વિવિધ વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજ્ય હાવિ થઈ ગયું છે. મચ્છરોના ઉપદ્રવને નાથવા માટેની કોઈ નક્કર કામગીરીનું આયોજન દેખાતું નથી. જ્યાં રસ્તા સ્વચ્છ છે ત્યાં પાવડર છાંટીનો માત્ર દેખાડો થઈ રહ્યો છે. પરંતુ જ્યાં મચ્છરોનો ઉપદ્રવ છે તેવા વિસ્તારોમાં દવા છંટકાવમાં પાલિકા મૂહર્તની રાહ જોઈ રહ્યું છે. બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઋણમુક્તેશ્વર મહાદેવ પાસે વરસાદી પાણી અવરોધાયા પછી લીલ વળી છે અને મચ્છરોનો ઉપદ્રવ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે છતાં આરોગ્ય તંત્ર અને પાલિકા દ્વારા મચ્છરોના ઉપદ્રવને ડામવા માટે કોઈ કામગીરી થતી નથી જેના કારણે મંદિરમાં દર રોજ દર્શને આવતા ૩૦૦ થી વધુ શ્રદ્ધાળુઓ સહિત આસપાસના રહીશોમાં મચ્છરજન્ય રોગચાળો હાવિ થઈ જાય તેવી દહેશત વ્યક્ત થઈ રહી છે.



# પ્રાંતિજ કોલેજ ખાતે 'વન લાઈફ વન લીવર થીમ' અંતર્ગત 'વર્લ્ડ હીપેટાઈટિસ ડે'ની ઉજવણી





પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિજના સહિયોગથી કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઇ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ એન્ડ.એસ.એસ વિભાગ ના ઉપક્રમે " વન લાઈફ વન લીવર થીમ " અંતર્ગત "વર્લ્ડ હીપેટાઈટિસ ડે ની ઉજવણી કરવામા આવી હતી તો આ પ્રસંગે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે થી ઉપસ્થિત રાહુલ ભાઈ પટેલ , વસંતભાઈ મોદી , મોઈન ભાઈ લુહાર દ્વારા વર્લ્ડ હીપેટાઈટિસ ડે નિમિત્તે એક.આઈ.બી , હીપેટાઈટિસ, ટી.બી ઉપરાંત અન્ય રોગો વિશે કોલેજના વિધાર્થીઓને રોગો અંગે વિશેષ માહિતી સાથે સાવચેતી સહિતનુ માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલ ડાૅ.કામેશ્વર પ્રસાદ, એન.એસ.એસ વિભાગના કો.ઓડિનેટર ડાૅ.કેતન મારકણા , ડાૅ ગણેશ નિસરતા ઉપસ્થિત રહ્યા હતા તો સમગ્ર કાર્યક્રમનુ સફર સંચાલન પ્રોફેસર રાજુભાઈ પંચાલ દ્વારા કરવામા આવ્યુ હતુ તો કોલેજ સ્ટાફ સહિત કોલેજ ના વિધાર્થીઓ મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.

# કૉલેજની વિદ્યાર્થિનીના પ્રેમ પ્રકરણની જાણ પરિવારને થતા કોલેજ છોડાવી દેતા ૧૮૧ હેલ્પલાઈનની મદદ લીધી

મોડાસા, તા. ૨૯

પ્રેમ વિશે બહુ વાતો થઈ છે પ્રેમને લેખકો કવિઓ સહીતના સર્જકોએ પરમ તત્ત્વ સાથે જોડીને દિલ બાગ બાગ થઈ જાય તેવી અનેક વાતો કહીં છે પ્રેમને આંધળો જ કહ્યો છે અને પ્રેમને અંધની માફક યુવા હૈયાઓ અનુભવતા હોય છે મોટા ભાગના પ્રેમ પ્રકરણમાં પ્રેમ માત્ર વિજાતીય આકર્ષણ જ હોય છે આકર્ષણને પ્રેમનું લેબલ મારી ન શકાય.

યુવાવસ્થાએ આકર્ષણને કારણે ફ્રેન્ડશીપ રાખો તે બરાબર છે પણ જિંદગીભરનો નિર્ણય આ આકર્ષણ પાછળ લેવાય જાય છે ત્યારે પાછળથી પસ્તાવાનો વારો આવે છે. પ્રેમ થવા માટે કોઈ ઉંમર હોતી નથી. પ્રેમ કોઈપણ ઉંમરે થઈ શકે છે. પણ જીવનમાં પ્રેમ કરતા પણ વધુ મહત્વની કેરિયર છે. એકવાર જિંદગીમાં કાંઈક બની જાવ. પછી પ્રેમ કરવા માટે તો આખી જિંદગી પડી છે પણ તેમ છતાં પ્રેમમાં પડી અનેક યુવા હૈયાઓ કારકિર્દી રગદોળી નાખે છે આવી જ એક ઘટના મોડાસા શહેરમાં બનતા ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદથી કોલેજની વિદ્યાર્થીના જીવનમાં ફરીથી શિક્ષણદીપ પ્રગટાવ્યો હતો




અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં રહેતી અને નર્સિંગ કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કોલેજમાં અભ્યાસ કરતા યુવકના પ્રેમમાં પાગલ બની વાત કરતી હોવાનું પરિવારને જાણ થતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા અને યુવતીને કોલેજ બંધ કરાવી દેવાનો કઠોર નિર્ણય કરી કોલેજ બંધ કરાવી દેતા વિદ્યાર્થિનીએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદ લીધી હતી અને પરિવારે કોલેજ બંધ કરાવી દીધી હોવાનું જણાવી યુવતી અભ્યાસ કરવા માંગતી હોવાનું જણાવતા ૧૮૧ અભયમ ટીમે યુવતીની મદદે પહોંચી હતી

અરવલ્લી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન કાઉન્સિલર ચેતના ચૌધરી અને કોન્ટેબલ ભાવનાબેન મકવાણા કોલેજમાં અભ્યાસ કરતી યુવતીના ઘરે પહોંચી વિદ્યાર્થીની અને પરિવારજનોનું કાઉન્સલીંગ કરતા નર્સિંગ કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી યુવતી કોલેજમા અભ્યાસ કરતા વિદ્યાર્થી સાથે પ્રેમમાં હોવાની અને સતત તેની સાથે વાત કરતી હોવાથી પરિવારજનોએ યુવતીને કોલેજ મોકલવાની બંધ કરી દીધી હોવાનું બહાર આવતા કાઉન્સિલર ચેતના ચૌધરીએ કોલેજમાં અભ્યાસ કરતી યુવતીને અભ્યાસની ઉંમરે પ્રેમના વ્હેમમાં કારકિર્દી પર પૂર્ણ વિરામ આવી શકે છે અને તેના ઉજ્જવળ ભવિષ્ય અંગે સમજણ આપતા વિદ્યાર્થીનીએ તેની ભૂલ સ્વીકારી અને પ્રેમ સંબંધનો અંત આણવા તૈયાર થતા અને તેને અભ્યાસનું ભાન થતા હવે ભૂલ નહીં થાય ની બાંહેધરી આપતા ટીમે યુવતીના પરિવારજનોને કાયદાકીય સમજ આપતા આખરે પરિવારજનો યુવતીને અભ્યાસ કરાવવા તૈયાર થયા હતા ૧૮૧ અભયમ ટીમે નર્સિંગ કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીના જીવનમાં અંધકારમય બનેલા અભ્યાસનો ફરીથી શિક્ષણનો દીપ પ્રગટાવવામાં સફળ રહેતા કોલેજની વિદ્યાર્થિનીએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો

શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ થતો હોવાનું ચૂંટણીપંચે નોંધ્યું

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બી.એલ.ઓ. તરીકે ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી સિવાયના શિક્ષકોને નિયુક્તિ આપવા આદેશ

## દરેક જિલ્લામાં ચૂંટણી અધિકારી પાસેથી બે પ્રકારની યાદી માંગી

બાયડ, તા.૨૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૨૩૮૪ શિક્ષકોને બી.એલ.ઓ. તરીકેની કામગીરી સોંપી હાઉસ ટુ હાઉસ સર્વે કરવા આદેશ અપાતાં શૈક્ષિણ કાર્યને માઠી અસરની ફરિયાદો ચૂંટણીપંચ સુધી પહોંચી છે અને તેમાંય મુખ્ય વિષયો જેવા કે ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષય સિવાયના શિક્ષકોને બી.એલ.ઓ. તરીકે નિયુક્તિ આપવા માટે પણ વિશેષ સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ઘટ વચ્ચે ગત તા.૨૧ જુલાઈથી ૧ મહિના સુધી હાઉસ ટુ હાઉસ મતદાર સર્વેની કામગીરી શરુ થઈ અને એ સાથે શાળાઓમાં વિષય શિક્ષકો બી.એલ.ઓ. તરીકે મૂકાતાં વિદ્યાર્થીઓના શિક્ષણને અસર પહોંચતી હોવાના અહેવાલ ચૂંટણી આયોગ સુધી પહોંચ્યા અને આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ બુથ લેવલ, ઓફીસરની નિમણૂંક અને કામગીરી અંગે મુખ્ય નિર્વાચન અધિકારી ગુજરાતના



પત્રને આધિન જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને સૂચના આપવામાં આવી છે કે ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી જેવા વિષય ધરાવતા શિક્ષકોને જ્યારે આવી વળતર રજાઓ ભોગવે છે ત્યારે શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ અને ખલેલ પહોંચે છે. વિદ્યાર્થીઓને આ સમય દરમ્યાન શૈક્ષણિક લાભથી વંચિત રહેવું પડે છે અને વિદ્યાર્થીઓના પરિણામ અને શૈક્ષણિક કારકીર્દી ઉપર તેની વિપરીત અસર પડે છે જેથી ઉપરોક્ત પરિસ્થિતિને ટાળવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીના જણાવ્યા અનુસાર આપણી કક્ષાએથી બે પ્રકારની યાદી મેળવવી જેમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષયના શિક્ષકોની યાદી કે જેમને બી.એલ.ઓ.ની ફરજ સોંપવામાં આવી છે. અને બીજા ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી સિવાયના શિક્ષકોની યાદી કે જેમનો ખાસ સંજોગોમાં જ બી.એલ.ઓ. તરીકે કામગીરી સોંપી શકાય છે અને આ પ્રકારની યાદી ૧૦ દિવસમાં મોકલી આપવાની તાકીદ કરાઈ છે. જિલ્લાના ૧૦૦ થી વધુ ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષયના વિષય શિક્ષકોને બી.એલ.ઓ. તરીકેની જવાબદારી સોંપાયાનું અનુમાન છે.

# ડીસાની ભણસાલી હોસ્પિટલમાં દર્દીનું ડોકટરની બેદરકારીથી મોત થયું હોવાનો આક્ષેપ....!!!

## હોસ્પિટલના સંચાલકોએ મદદની ખાતરી આપતા મામલો થાળે પડ્યો

ડીસા, તા. ૨૯

ડીસાની ભણસાલી હોસ્પિટલમાં તબિબની બેદરકારીના કારણે દર્દીનુ મોત થયું હોવાના ગંભીર આક્ષેપો સાથે દર્દીના પરિવારજનોએ હોસ્પિટલમાં હંગામો મચાવ્યો હતો. ઘટનાને પગલે હોસ્પિટલના સંચાલકોએ મૃતકના પરિવારજનોને સમજાવવાના પ્રયાસો હાથ ભરી હોસ્પિટલ દ્વારા જે બનતી મદદ થાય તે કરવાની ખાતરી આપી હતી.

ડીસાના રાજપુર પાસે લોધાવાસમાં રહેતા ૪૫ વર્ષીય જગદીશભાઈ લોધાને ગઈકાલે સાંજના સમયે લોહીની ઉલટી શરૂ થતા તેઓને તાત્કાલિક તેમના પરિવારજનોએ સારવાર માટે ભણસાલી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમની તપાસ કરી તબિયત ગંભીર હોવાનું જણાવ્યું હતું.અને લોહી ઓછું થઈ ગયું હોવાથી તાત્કાલિક ઓ-નેગેટિવ બ્લડની વ્યવસ્થા કરવા માટે વાત કરતા દર્દીના સગાઓએ બ્લડ માટે શોધખોળ હાથ ધરી હતી.પરંતુ આ દરમિયાન મધરાતે તેઓનું મોત નીપજ્યું હતું. દર્દીનું મોત થતા જ વહેલી સવારે તેમના પરિવારજનોએ હોસ્પિટલમાં ભારે હંગામો મચાવ્યો હતો.

આ અંગે દર્દીના સગા કનૈયાલાલ લોધાએ જણાવ્યું હતું કે, તેઓને લોહીની વોમિટિંગ થતા તાત્કાલિક ભણસાલી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરોએ રિપોર્ટ કરાવ્યા બાદ ઓ-નેગેટીવ બ્લડ લાવવા જણાવ્યું હતું. ઓ-નેગેટિવ બ્લડની ડીસામાં વ્યવસ્થા ન થતા તેઓ સેમ્પલ લઈ ધાનેરા પહોંચ્યા હતા. જ્યાંથી ઓ-નેગેટીવ બ્લડની વ્યવસ્થા થઈ હતી.

પરંતુ ધાનેરા પહોંચતા ત્યાં લેબોરેટરીવાળા જણાવ્યું કે, 'તમે જે સેમ્પલ લાવ્યા છે તે બી-પોઝિટિવ છે' એટલે તેઓએ મોડી રાત્રે ભણસાલી હોસ્પિટલના ડોક્ટર જોડે વાત કરાવતા ડોક્ટરે લખવામાં ભૂલ થઈ હોવાનું જણાવી તેઓને પરત બોલાવી લીધા હતા. તેમજ વધુમાં જણાવ્યું હતું કે હાલ સાતથી આઠ ટકા બ્લડ થઈ ગયું હોવાથી બ્લડની જરૂર સવારે પડશે. તે દરમિયાન રાત્રે દોઢેક વાગ્યે દર્દીનું મોત થયું હતું. આમ તબીબોની બેદરકારીના કારણે મોત થયું હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

જ્યારે આ અંગે ભણસાલી હોસ્પિટલના મેનેજમેન્ટ વિભાગના રમેશભાઈ દરજીએ જણાવ્યું હતું કે દર્દીને ખૂબ જ ક્રિટિકલ કન્ડિશનમાં લાવ્યા હોવા છતાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેઓના રિપોર્ટ કરાવ્યા બાદ રિપોર્ટ મુજબ ઓ-નેગેટીવ બ્લડ લાવવા જણાવ્યું હતું. પરંતુ ફોર્મમાં જોતા બી-પોઝિટિવ લખેલું હતું. જેથી તેઓને પરત બોલાવાયા હતા.આ દરમિયાન દર્દીની હાલત ખૂબ જ ક્રિટિકલ હોવાથી તેઓનું મોત નીપજ્યું છે. જેથી હોસ્પિટલના સંચાલકો દ્વારા પરિવારજનોને સમજાવટ કરી જે બનતી મદદ થાય તે કરવાની ખાતરી અપાઈ છે.

## રસુલપુર ખાતે ઘર આગળ પાર્ક કરેલ બાઈક ચોરાતા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રસુલપુર ખાતે ઘર આગળ પાર્ક કરેલ બાઈક કોઇ અજાણ્યો ચોર ચોરી કરી લઈ જતા બાઇક માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ કરી. હિંમતનગરના બેરણા ખાતે રહેતા હિમાંશુ કુમાર પ્રતાપસિંહ પરમાર કે જેવો પોતાનુ બાઇક લઈ ને તેમની પત્ની બાળકો સાથે તેવો ની સાસરી રસુલપુર ખાતે આવ્યા હતા અને રાત્રી દરમ્યાન રોકાયા હતા અને પોતાના ની બાઈક નંબર ૫ન૦૯૭૫૯૩ જેની કિંમત-૬૦,૦૦૦ જે રાત્રી દરમ્યાન ઘર આગળ પાર્ક કરે હતી જે કોઇ અજાણ્યો બાઈક ચોર ઈસમો રાત્રીના સમયે ચોરી કરી લઈ જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા બાઈક માલિક હિમાંશુ કુમાર પ્રતાપસિંહ પરમાર દ્વારા અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૭૯ મુજબ અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ ગુનોનોધી આગળની તપાસ હાથધરી હતી.

# પાલનપુરના જુના બસ સ્ટેન્ડ માં પાર્ક કરેલ બાઈકની ઉઠાંતરી

## અજાણ્યો તસ્કર રૂ.૭૫ હજારની કિંમતનું બાઈક ચોરી ગયો

પાલનપુર તા.૨૯

પાલનપુરમાં બાઈક ચોરીના સિલસિલા વચ્ચે જુના બસ સ્ટેન્ડ માં પાર્ક કરેલ વધુ એક બાઈકની ઉઠાંતરી થઈ છે જોકે શહેરના વધી રહેલા બાઈક ચોરીના બનાવોને લઇ વિવિધ સ્થળો પર બાઈક પાર્ક કરી ને ધંધા રોજગાર પર જતા લોકોમાં પોતાના બાઈકોની સલામતીને લઇ ફફડાટ ફેલાયો છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરમાં મીઠીવાવ વિસ્તારમાં રહેતા અને આબુરોડ ખાતે નોકરી કરતા મયુરકુમાર ધીરજભાઈ ચોહાણ



પોતાના નિત્ય ક્રમ મુજબ તા.૧૭ જુલાઈના રોજ પાલનપુર જુના બસ સ્ટેન્ડ માં પોતાનું ૭૫ હજારની કિંમતનું બાઈક સવારના દશ વાગે પાર્ક કરી આબુરોડ નોકરી પર ગયા હતા અને સાંજે પરત ફરતા બસ સ્ટેન્ડ ના પાર્કિંગમાં પોતાનું બાઈક જોવા ન મળતા તેમને બાઈકની ભારે શોધખોળ કરી હતી તેમ છતાં બાઈકનો પત્તો ન લાગતા તેમને બાઈક ચોરી અંગે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી છે જોકે શહેરના રોજ બે રોજ બાઈકોની ઉઠાંતરી થઈ રહી છે ત્યારે પોલીસ બાઈક ચોર ટોળકીને ઝડપી પાડે તેવી માંગ ઉઠી છે.